# અંડર-૧૯ વર્લ્ડ કપમાં ભારત ચેમ્પિયન

ટાઉન્સવિલ્લે,તા. ૨૬

કેપ્ટન ઉનમુક્ત ચંદના શાનદાર અણનમ ૧૧૧ રન અને વિકેટકિપર બેટ્સમેન સ્મિથ પટેલના અણનમ ૬૨ રનની મદદથી આજે ભારતે અંડર-૧૯ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં વર્તમાન ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા પર રોમાંચક જીત મેળવીને વર્લ્ડ કપ જીતી લેવામાં સફળતા મેળવી હતી. ભારત અંડર-૧૯ વર્લ્ડ કપમાં ચેમ્પિયન બન્યા બાદ ક્રિકેટ ચાહકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. હવે ભારત માત્ર ટોચના ક્રિકેટ સ્તરે જ ચેમ્પિયન નથી બલ્કે અંડર-૧૯માં પણ વર્લ્ડ ચેમ્પિયન બની ગયું છે. વિશ્વ ક્રિકેટમાં ભારતે સર્વોપરિતા સ્થાપિત કરી છે. ઓસ્ટ્રેલિયાએ નિર્ધારિત ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૨૫ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય અંડર-૧૯ ટીમે ૧૪ બોલ ફેંકવાના બાકી હતા ત્યારે જ જીતવા માટેના જરૂરી રન બનાવી લીધા હતા. ભારતીય ટીમે ૪૭.૪ ઓવરમાં ચાર વિકેટે ૨૨૭ રન બનાવી મેચ જીતી લીધી હતી. ઉનમુક્ત પટેલે શાનદાર ઈનિંગ્સ રમી હતી. જીતવા માટેના ૨૨૬ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારત તરફથી શરૂઆત નિરાશાજનક રહી હતી. બે રનને ભારતે પ્રશાંત ચોપડાના રૂપમાં તેની પ્રથમ વિકેટ ગુમાવી હતી. ચોપડા આઉટ થયા બાદ ઉનમુક્ત અને બાબા અપરાજીતે સાથે મળીને ઈનિંગ્સને આગળ વધારી હતી. બીજી વિકેટની ભાગેદારીમાં ૭૩ રન બન્યા હતા. જેથી ભારતની સ્થિતી મજબુત બની હતી. અપરાજીત ૩૩ રન બનાવ્યા બાદ આઉટ થયો હતો. અપરાજીતે આઉટ થતા પહેલા ૩૮ બોલમાં પાંચ ચોગ્ગા ફટકારવામાં સફળ રહ્યો હતો. ભારતીય કેપ્ટન અને વિકેટકિપર સ્મિથ પટેલે પાંચમી વિકેટની ૧૩૦ રનની ભાગેદારી નોંધાવી હતી.ઉનમુક્તે ૧૩૦ બોલમાં સાત ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૧૧૧ રન બનાવ્યા હતા. પટેલે ૮૪ બોલમાં ચાર ચોગ્ગાની મદદથી ૬૨ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી પેરિસ, માર્ક સ્ટેકેટી, સંધુ અને ટર્નરે એક એક વિકેટ ઝડપી હતી. ભારતે ત્રીજી વખત વર્લ્ડ કપ જીતવામાં સફળતા મેળવી છે. ભારત વર્ષ-૨૦૦૨માં મહંમદ કૈફનાં નેતૃત્વમાં પ્રથમ વખત અંડર-૧૯ વર્લ્ડ કપ જીતવામાં સફળતા મેળવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૦૮માં વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમે અંડર-૧૯ વર્લ્ડ કપ જીતવામાં સફળતા મેળવી હતી. આ અગાઉ યજમાન ટીમે નિર્ધારીત ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૨૫ રન બનાવ્યા હતા. જેમાં કેપ્ટન બોસીસ્ટોના અણનમ ૮૭ રન હતા. ભારતે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ઓસ્ટ્રેલિયાની શરૂઆત પણ કંગાળ રહી હતી.




### ચેમ્પિયનની સાથે સાથે

- અંડર-૧૯ વર્લ્ડ કપ ભારતે ત્રીજી વખત જીત્યું
- ભારતે અગાઉ વર્ષ ૨૦૦૨માં કૈફના નેતૃત્વમાં અને ૨૦૦૮માં કોહલીના નેતૃત્વમાં વર્લ્ડ કપ જીત્યું હતું
- ઓસ્ટ્રેલિયાનાં ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૨૫ રન સામે ભારતે ૪૭.૪ ઓવરમાં જીતવા માટેના રન બનાવ્યા
- ભારત તરફથી કેપ્ટન ચંદે ૧૧૧ રન ફટકાર્યા
- સ્મિથ પટેલ અને ચંદ વચ્ચે પાંચ વિકેટની ભાગીદારીમાં ૧૩૦ રન બન્યા
- ચંદે ૧૩૦ બોલમાં સાત ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૧૧૧ રન બનાવ્યા
- સ્મિથ પટેલે ૮૪ બોલમાં ચાર ચોગ્ગા ફટકાર્યા
- ટોસ જીતીની ભારતે ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો
- ઓસ્ટ્રેલિયાએ શરૂઆતની ચાર વિકેટ ૩૮ રનમાં જ ગુમાવી દીધી હતી
- મેન ઓફ ધ મેચ તરીકે ચંદ અને મેનઓફ ધ સીરીઝ તરીકે બોસીસ્ટોની પસંદગી કરવામાં આવી

**સ્મિથ પટેલના અણનમ ૬૨ રન : ઉનમુક્ત મેન ઓફ ધ મેચ : ભારતે ત્રીજી વખત વર્લ્ડ કપ જીતવામાં સફળતા મેળવી : સંદિપની ચાર વિકેટ : કેપ્ટન ચંદે ચટ્ટાનની જેમ ઉભા રહી ૧૧૧ રન ફટકાર્યા**

## ચંદ્ર પર પ્રથમ પગલું મૂકનાર નીલ આર્મસ્ટ્રોંગનું અવસાન


### ૮૨ વર્ષની વયે હાર્ટ સંબંધીત સમસ્યાઓના કારણે અવસાન

વોશિંગટન,તા.૨૬

ચંદ્રની સપાટી પર પ્રથમ વખત પહોંચનાર નીલ આર્મસ્ટ્રોંગનું અવસાન થઈ ગયું છે. તેઓ ૮૨ વર્ષનાં હતાં. નીલ આર્મસ્ટ્રોંગે આજે સવારે અંતિમ શ્વાસ લીધા હતા. અમેરિકી અંતરિક્ષ યાત્રી તરીકે વર્ષ ૧૯૬૯માં આર્મસ્ટ્રોંગ ચંદ્ર ઉપર પ્રથમ વ્યક્તિ બનાવની સીદ્ધિ મેળવવામાં સફળ રહ્યા હતા. અમેરિકી મિડિયાના અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે આર્મસ્ટ્રોંગની થોડાક સપ્તાહ પહેલા હાર્ટની સર્જરી કરવામાં આવી હતી. તેમના પરિવારના સભ્યોએ નિવેદનમાં કહ્યું છે કે હાર્ટ સંબંધીત તકલીફના કારણે તેમનું અવસાન થયું હતું. પાંચમી ઓગસ્ટનાં દિવસે આર્મસ્ટ્રોંગે તેમના ૮૨માં જન્મદિવસની ઉજવણી કરી હતી. આર્મસ્ટ્રોંગ અપોલો-૧૧ અંતરીક્ષ યાદનમાં હતા. જે ૨૨મી જુલાઈ ૧૯૬૯નાં દિવસે ચંદ્ર ઉપર ઉતર્યું હતું. તેમની સાથે અન્ય એક અંતરીક્ષ યાત્રી એડવિન એલ્ડ્રીન પણ હતા. આર્મસ્ટ્રોંગ અને એલ્ડ્રીને આશરે ત્રણ કલાક સુધી ચંદ્ર ઉપર ચાલીને નવી ચર્ચા જગાવી દીધી હતી. જો કે જોઈન્ટ લીપનાં પ્રતિક તરીકે આર્મસ્ટ્રોંગની ચર્ચા થઈ હતી. કારણે ચંદ્ર પર પ્રથમ પગલું મુકનાર નીલ આર્મસ્ટ્રોંગ હતા. પૃથ્વિના ઉપગ્રહથી આવેલા ઐતિહાસિક સમાચારમાં જણાવવામાં આવેલું કે આર્મસ્ટ્રોંગે કહ્યું હતું કે માનવી માટે આ નાનકડું પગલું છે. પરંતુ સમગ્ર માનવ જાતી માટે આ મોટો કુદકો છે. આર્મસ્ટ્રોંક અને તેમના પત્ની કેરોલે ૧૯૯૯માં લગ્ન કર્યા હતા. આ બંનેએ ઈન્ડિયન હિલના સીનસિનાટીમાં આવાસ બનાવ્યું હતું. અપોલો-૧૧ યાનમાં આર્મસ્ટ્રોંગ, એલ્ડ્રીન અને માઈકલ કોલિન્સ યાત્રા કરી રહ્યા હતા. આ યાનને ચંદ્ર સુધી પહોંચવામાં આશરે ચાર લાખ કિલોમીટરનું અંતર કાપવું પડ્યું હતું. આમા ચાર દિવસ લાગ્યા હતા. આર્મસ્ટ્રોંગના પરિવારે નિવેદનમાં કહ્યું છે કે તેમનાં અવસાનથી આઘાતનું મોજુ ફરી વળ્યું છે પરંતુ શાનદાર લાઈફ ઉપર ગર્વ છે. દુનિયાભરના યુવાનો માટે મહેનત કરીને પોતાના સ્વપ્નને સાકાર કરવા માટે આર્મસ્ટ્રોંગ દાખલારૂપ સાબિત થશે. આર્મસ્ટ્રોંગ ૩૮ વર્ષના હતા ત્યારે ચંદ્ર ઉપર પહોંચ્યા હતા. આર્મસ્ટ્રોંગ એવા સમય ઉપર ચંદ્ર ઉપર પહોંચ્યા હતા જ્યારે અમેરિકા અને સોવિયત સંઘ વચ્ચે જોરદાર સ્પર્ધા ચાલી રહી હતી.







## પ્રથમ ટેસ્ટ મેચ : ભારતની ઈનિંગ્સ-૧૧૫ રને વિજય

હૈદરાબાદ,તા. ૨૫

હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે ધારણા પ્રમાણે જ આજે પ્રવાસી ન્યૂઝીલેન્ડ પર એક ઈનિંગ્સ અને ૧૧૫ રને જીત મેળવી હતી. પ્રથમ ઈનિંગ્સમાં ભારતના



પ્રથમ દાવમાં ૪૩૮ રન ઓલઆઉટના જવાબમાં ન્યુઝીલેન્ડની ટીમ માત્ર ૧૫૯ રને ઓલઆઉટ થઈ જતા ન્યુઝીલેન્ડને ફોલોઓન કરવાની ફરજ પડી હતી. જો કે ન્યુઝીલેન્ડની ટીમ બીજા દાવમાં પણ માત્ર ૧૬૪ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. આની સાથે જ ભારતની એક ઈનિંગ્સના અંતરથી જીત થઈ હતી. આ ટેસ્ટ મેચમાં ભારતના સ્પીનરો છવાયેલા રહ્યા હતા. ભારત તરફથી અશ્વીને ૫૪ રન આપી છ વિકેટ ઝડપી હતી. જ્યારે ઓઝાએ ૪૮ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. આ જીતની સાથે જ ભારતે ૧-૦ની લીડ મેળવી લીધી છે. મેચ ઓફ ધ મેચ તરીકે અશ્વીનની પસંદગી કરવામાં આવી હતી. અશ્વીને પ્રથમ દાવમાં પણ ૩૧ રન આપી છ વિકેટ ઝડપી હતી. આ મેચમાં અશ્વીને કુલ ૧૨ વિકેટ ઝડપી હતી. ન્યુઝીલેન્ડ તરફથી મેક્કુલમે ૪૨ રન બનાવ્યા હતા જ્યારે વિલિયમસને ૫૨ રન બનાવ્યા હતા. બાકીના તમામ બેટ્સમેનો નિષ્ફળ રહ્યા હતા. મેચના પ્રથમ દિવસથી જ ભારતે મેચમાં પક્કડ મજબુત બનાવી હતી. ભારતે મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ પુજારાના ૧૫૯ રન અને ધોનીના શાનદાર ૭૩ રનની મદદથી ૪૩૮ રન બનાવ્યા હતા. પ્રથમ ટેસ્ટ મેચ જીતી લઈને ભારતીય ટીમે નૈતિક જુસ્સો વધારી લીધો છે. ભારતીય ટીમના ખેલાડીઓ હાલ શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યા છે. બીજી બાજુ ન્યુઝીલેન્ડના બોલરો અને બેટ્સમેનો નિષ્ફળ રહ્યા છે. આગામી ટેસ્ટ મેચમાં રોસ ટેલરના નેતૃત્વમાં પ્રવાસી ટીમને વધારે શાનદાર દેખાવ કરવો પડશે. બીજી બાજુ ધોનીની ટીમ શ્રેણી ૨-૦થી જીતવા માટે પહેલાથી જ કમર કસી ચુકી છે.


## પીઢ અભિનેતા એ કે હંગલનું લાંબી બિમારી બાદ અવસાન

### ફ્રેક્ચર બાદ ૯૭ વર્ષીય અભિનેતાને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા : ૨૦૦થી પણ વધુ ફિલ્મોમાં ભુમિકા ભજવી

મુંબઈ,તા.૨૬

પીઢ અભિનેતા અવતાર કિશન હંગલ અને લોકપ્રિય રીતે એકે હંગલ તરીકે જાણિતા અભિનેતાનું આજે સવારે અવસાન થયું હતું. સાન્તાક્રુઝમાં આશા પારેખ હોસ્પિટલમાં તેમને દાખલ કરવામાં આવ્યા હતાં. એકે હંગલ ૯૭ વર્ષના હતા. 'જાંઘ'ના હાડકામાં ફ્રેક્ચર થયા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં તેમની હાલત ગંભીર બનેલી હતી. ટીબી, હાઈબ્લડ પ્રેશર, કિડની તકલીફ સહિત ઘણી બિમારીઓથી તેઓ ગ્રસ્ત હતા. તબિબોએ કહ્યું હતું કે તેમના ઉપર ઓપરેશન કરવામાં આવે તે જરૂરી છે. પરંતુ તેમની મોટી વયના કારણે સર્જરી નહીં કરવાનો નિર્ણય આખરે કરવામાં આવ્યો હતો. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરતા પહેલા હંગર અન્ય કારોબારમાં હતા. ગયા વર્ષે તેમની તબિયત બગડી છે તેવા અહેવાલ આવ્યા બાદથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નાણાં પણ એકત્રીત કરવામાં આવ્યા હતા. ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા લોકો સોશ્યલ મિડિયા મારફતે પણ નાણાં એકત્રીત કરવા લાગી ગયા હતા. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સામેલ થતાં પહેલા હંગરે દેશની સ્વતંત્રતાની લડાઈમાં ભાગ લીધો હતો. ૨૦૦થી વધુ ફિલ્મોમાં હંગલે ભુમિકા ભજવી હતી જેમાં શોલે, બાવરચી, આઈના અને નમક હરામનો સમાવેશ થાય છે.

તાજેતરમાં જ એકે હંગલ મધુબાલા નામથી જાણીતા ટીવી શોમાં પણ નજરે પડ્યા હતા. હંગલનું આજે જ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યું હતું. વિલેપારલે શમસાન ગૃહમાં તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા.





### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

**વિભાગ - ૧૨** અહેવાલ લેખન અંગેના આ વિભાગમાં જુદા જુદા ૨૪ જેટલા વિષયોના અહેવાલો તેનાં કેટલાંક નમુનાઓ સહિત મુકી આપવામાં આવ્યાં છે.

**વિભાગ - ૧૩** પત્રલેખનના આ વિભાગમાં પત્રલેખન કઇ રીતે કરવું ત્યાંથી લઇને સ્વાધ્યાય માટે ૧૫ પ્રકારના વિષયો પર પત્રોની માહિતી અને કેટલાંક નમૂનારૂપ પત્રો આપવામાં આવ્યાં છે.

**વિભાગ - ૧૪** આ વિભાગમાં ફરિયાદ પત્ર કે આવેદનપત્ર તૈયાર કરવાની ખુબ સરસ નમૂનારૂપ પધ્ધતિઓ દર્શાવેલ છે. ૧૨ જેટલાં વિષયોના આવા ફરિયાદ કે આવેદન પત્ર અંગે સ્પર્ધકોને માહિતી પ્રાપ્ત થાય છે.

**વિભાગ - ૧૫** નિબંધ લેખન અંગેના આ વિભાગમાં નિબંધ લેખનમાં ધ્યાન રાખવા જેવી બાબતો નિબંધના પ્રકારો અને તેમાં સમાવેશ કરવાનાં મુદ્દાઓ જેવી અગત્યની બાબતો અહીં મળી રહે છે.

**વિભાગ - ૧૬** આ વિભાગમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં સર્જકોનું જન્મ વર્ષ અને જન્મ સ્થળની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ૧૦૨ જેટલાં મહત્ત્વપૂર્ણ સાહિત્ય સર્જકોની માહિતી એક જ જગ્યાએથી સામટી અને આધારભૂત રીતે મળે છે.

**વિભાગ - ૧૭** આ વિભાગમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યની પ્રથમ કૃતિ અને કર્તાની માહિતી તેમજ અન્ય માહિતી પણ મળે છે. જે પ્રશ્નોત્તર રૂપે સરસ રીતે મુકી આપી છે. તે ઉપરાંત ૧૭ જેટલાં સંદર્ભગ્રંથોની વિગતો તેનાં કર્તાઓના નામો સહિત મળે છે. એ ઉપરાંત પરીક્ષાલક્ષી છ જેટલાં આદર્શ પ્રશ્નપત્રો અંતમાં આપવામાં આવ્યાં છે. ગુજરાતી સાહિત્યના પ્રાચીન અને અર્વાચીન સર્જકોની તસ્વીરો મુખપૃષ્ઠ પર સજાવી આ પ્રકાશનને ખુબ જ આકર્ષક, ઉપયોગી અને સૌ કોઇને ગમી જાય તેવી રીતે ડિવાઇન પ્રકાશન દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. જે તેના સંપાદકો, પ્રકાશક અને પ્રિન્ટીંગની ઉત્કૃષ્ટ કૃતિ સમાન બન્યું છે. આ 'જ્ઞાન સાગર' ખરેખર સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ, અધ્યાપકો તેમજ ગુજરાતી સાહિત્ય અંગે જાણવાની ખેવના રાખનાર માટે ખુબ જ આશીર્વાદ રૂપ સાહિત થાય તેવું બન્યું હોવાથી તેની આ સંવર્ધિત દ્વિતીય આવૃત્તિ પ્રસિધ્ધ થઇ છે. જે ખુબ જ ઉપયોગી હોઇ સાચવી રાખવા જેવી જણસ સમાન છે.

**ગુજરાતી સાહિત્યનો જ્ઞાન સાગર**
**સંપાદકો - ડો. બી.એસ.પટેલ, પ્રિ. ડો. હાસ્યદા પંડ્યા**
**પ્રકાશક - ડિવાઇન પબ્લિકેશન**
**૩૦, ત્રીજે માળ, કૃષ્ણ કોમ્પલેક્ષ, જૂનું મોડેલ સિનેમા, ગાંધીરોડ, અમદાવાદ-૧ : ફોન નં. ૨૨૧૬૭૨૦, મો. ૯૮૨૫૦૫૭૯૦૫**
**પૃષ્ઠ - ૭૦૬, કિંમત રૂા. ૫૦૦/-**
**બીજી સંવર્ધિત આવૃત્તિ - ૨૦૧૨**

### પરણેતરની પ્રીત (પાના નં. ૪ નું ચાલુ)

"દીદી, હું તો એક પરણેતર છું અને પરણેતરની પ્રીત માત્ર એક અને એક પુરૂષ સાથે જ હોય છે. મારા પતિ સિવાય બીજો કોઈ પુરૂષ આ દેહનું રસપાન તો શું આ દેહનો સ્પર્શ પણ ન કરી શકે."

"આશા, તું તો બહુ ઊંચી વાત કરે છે." ગૃહમાતાએ કહ્યું.

"આશા, તારે કોઈની ચૂડી તો પહેરવી જ પડશે ને!"

"ગૃહમાતા, એક ભવમાં બે પુરૂષ ભોગવવા એ એક પરણેતર સ્ત્રી ન ભોગવે. અને પતિ જીવતા તે બીજા પુરૂષનું પડખું સેવે તો એ સ્ત્રીને નરકમાં પણ જગ્યા મળતી નથી! હું એક ભારતીય નારી છું. હા, કદાચ કોઈ સ્ત્રીનો પતિ મરી ગયો હોય, તે સ્ત્રી બીજા લગ્ન કરી લે કે બીજા પુરૂષનો વિચાર કરી શકે! પરંતુ મારા માટે તો આ દેહ પર માત્ર અને માત્ર મારા પરણેતર પતિ દેવા અને દેવાનો જ અધિકાર છે! આ શરીર માત્ર દેવા માટે જ સર્જાયું છે." બોલતાં બોલતાં આશાનું હૈયું ભરાઈ આવ્યું.

"આશા, એનો અર્થ એમ થયો કે તું બીજા લગ્ન કરવા માંગતી નથી."

"હાં, સંધ્યા દીદી."

"જો આશા, તારી ઉંમર લગ્નની છે! તું સંસાર માંડી શકે છે આ કળિયુગમાં કોઈ પુરૂષ પર ભરોસો રખાય નહિ. કોઈ પુરૂષ ની નજર કોઈ સ્ત્રી પર બગડે અને આબરૂ લુંટાય એના કરતાં કાયદેસર બીજા લગ્ન કરી લેવા સારા!" સંધ્યાએ કહ્યું.

"દીદી, તમને મારી વિનંતી છે કે તમો કોઈ પણ રીતે કોઈ પણ સંજોગોમાં મારા પરણેતર પતિ દેવાને શોધી આપો!" આશાએ કહ્યું.

"અરે આશા, તું કેમ સમજતી નથી, તારા પતિએ તો બીજી છોકરી સાથે લગ્ન કરી લીધાં છે."

"અરે, આશા, તું કેમ સમજતી નથી તારા પતિએ તો બીજી છોકરી સાથે લગ્ન કરી લીધા છે."

"ગૃહમાતા, દેવાએ ભલે લગ્ન કરી લીધા હોય, દેવાના હૃદયમાં કદાચ મારૂ સ્થાન નહિ હોય! પરંતુ આજે પણ આટલા વર્ષો થયા, આટલાં દુ:ખનો મારે સામનો કરવો પડ્યો, તેમ છતાં મારા હૃદયમાં દેવાનું સ્થાન એક પતિ તરીકે છે જ!" બોલતાં બોલતાં આશાની આંખોમાં ઝળઝળીયા આવી ગયા.

"આશા, તારો પતિ તને પત્ની તરીકે સ્વીકારવા તૈયાર પણ ન થાય સમજી!"

"ગૃહમાતા, મારો પતિ દેવો મને પત્ની તરીકે નહિ સ્વીકારે તો હું એની કામવાળી બનીને પણ આ જીવન એમની સેવા કરી પતિ સાથે જીવન ગુજારીશ!" આશા એ નિરાશ થતાં કહ્યું.

આશાની દલીલ પરથી સંધ્યા અને ગૃહમાતાને લાગ્યું કે આશા કોઈ પણ સંજોગોમાં એકની બે થાય તેમ નથી. લગ્ન કરાવવા માટે બંનેએ લીધેલી પરીક્ષામાંથી આશા પસાર થઈ ગઈ. આશાના જક્કી વલણ અને મજબૂત મનોબળ અને આત્મવિશ્વાસ જોતા સંધ્યાને એવું લાગ્યું કે આશા એ લીધેલ નિર્ણયમાં નમતું જોખે એમ નથી. આથી નારીકેન્દ્રના અધ્યક્ષ તરીકે કેસનો ઉકેલ લાવવા તેમને માત્ર એક જ ભૂમિકા ભજવવાની હતી કે કોઈ પણ સંજોગોમાં આશાના પતિની શોધ કરી તેને ન્યાય અપાવવો.

આથી સંધ્યાએ ગૃહમાતાને કહ્યું એક સામાન્ય સભા બોલાવો અને કાર્યક્રમની તારીખ નક્કી કરી ને સમાજ કલ્યાણ કમિશનર શ્રી, સમાજ કલ્યાણ અધિકારી શ્રી, અનાથ આશ્રમના ટ્રસ્ટીઓ અને દાતાશ્રીઓ તથા માનનીય કલેકટર સાહેબના હસ્તે નારીકેન્દ્રની બહેનોની પ્રવૃતિઓનું ઉદ્‌ઘાટન અને એમના જીવનની પ્રગતિ વિકાસ અને ઉજ્જવળ ભવિષ્ય માટેની કારકિર્દી ઘડતરનું આયોજન કરી આમંત્રણ પત્રિકા મોકલી આપો.

બે-ત્રણ દિવસમાં કાર્યક્રમનું આયોજન થઈ ગયા પછી નારીકેન્દ્રના અધ્યક્ષ સંધ્યા અને સમાજ કલ્યાણ અધિકારીશ્રી માનનીય કલેકટર તથા સમાજ કલ્યાણ કમિશનરશ્રી ને રૂબરૂ ટપાલ પહોંચાડી સમાજના અન્ય આગેવાનોને નિમંત્રણ પત્રિકા મોકલી આપવા ગૃહમાતાને સૂચન કર્યું.

કાર્યક્રમ શરૂ થવાની તારીખ આવી ગઈ. નારી કેન્દ્રના સભાખંડમાં મુખ્ય મહેમાનો અને આમંત્રિતોને બેસવાની વ્યવસ્થા કરવામાં આવેલી.

શરૂઆતમાં માનનીય કલેકટર સાહેબ, કમિશ્નર સાહેબ તથા અન્ય આગેવાનો મારફતે દીપ પ્રાગ્ટય કરી કાર્યક્રમની શરૂઆત કરી. પછી શ્રી કલેકટર સાહેબ મારફતે નારી કેન્દ્રની બહેનોએ તૈયાર કરેલ હસ્તકલા અને ગૃહઉદ્યોગના નમૂના નિહાળવા રાઉન્ડમાં નીકળ્યાં.

શ્રીમાન કલેકટર સાહેબે નારીકેન્દ્રની બહેનોની પ્રવત્તિ જોતા ધન્યવાદ અને શુભેચ્છા પાઠવી તથા નારીકેન્દ્રનાં અધ્યક્ષ સંધ્યાબહેન તથા ગૃહમાતાએ માર્ગદર્શન આપી કેન્દ્રની બહેનોને હસ્તકલા અને ગૃહઉદ્યોગમાં રસ લેતાં કર્યા તે બદલ તેમને ખુબ ખુબ ધન્યવાદ અને શુભેચ્છા પાઠવતાં હાજર રહેલા લોકો એ તાળીઓનાં ગડગડાટ સાથે કલેકટર સાહેબનાં શબ્દોને વધાવી લીધા.

શરૂઆતમાં શહેરના અગ્રગણ્ય સમાજસેવકો અને આગેવાનોના પ્રવચનો થયા. તેમના પ્રવચનોમાંથી એકજ તથ્ય બહાર આવ્યું કે નારી કેન્દ્રમાં અત્યાચારનો ભોગ બનેલી, તિરસ્કૃત, ત્યક્તા, અને અશિક્ષિત મહિલાઓને પડતી પરેશાનીમાં આશ્રય, આશ્વાસન, શિક્ષણ, પ્રશિક્ષણ તથા સંસ્કાર આપી તેમનાં જીવન ઘડતરમાં ઉપયોગી થાય તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

આમ હસ્તકલા કારીગરી અને ગૃહઉદ્યોગોમાં મન લગાડી કામ કરતાં પોતાનું દુ:ખ ભૂલી જાય છે.

પરંતુ આ બહેનોને એમના પતિના ત્રાસ અને જુલમને કારણે નારીકેન્દ્રનો આસરો લેવો પડે છે. આથી આવા પુરૂષોને કડકમાં કડક સજા કરવી જોઈએ. અને આવી રીતે સ્ત્રી પર જુલમ ગુજારનાર પતિને તો આજીવન કેદની સજા કરવી જોઈએ.

(ક્રમશઃ)

## કોલગેટના મામલે પાટનગરની શેરીમાં હાઈ વોલ્ટેજ ડ્રામા

નવી દિલ્હી, તા.૨૬

કોલગેટના મામલે વડાપ્રધાન મનમોહનસિંહ અને ભાજપના પ્રમુખ નિતિન ગડકરીના આવાસ પર ઘેરાવ કરવા જઈ રહેલા સભ્યો પર બળનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેના લીધે ટીમ અણ્ણાનાં ભુતપુર્વ સભ્ય અરવિંદ કેજરીવાલે દિલ્હી પોલીસની જાટકણી કાઢી હતી. સાથેસાથે કેજરીવાલે સમર્થકોને પ્રદર્શન ન કરવાની અપિલ પણ કરી હતી. પાટનગરની શેરીઓમાં હાઈ વોલ્ટેજ ડ્રામાની સ્થિતી જોવા મળી હતી. કેજરીવાલે દિવસમાં બીજી વખત દિલ્હી પોલીસ દ્વારા છોડી મુકવામાં આવ્યા બાદ શાંતિપુર્ણ રીતે વિખેરાઈ જવા તેમના સમર્થકોને અપિલ કરી હતી. જો કે પ્રશાંત ભુષણ અને અન્ય ઈન્ડિયા અગેન્સ કરપ્શનના સભ્યોએ વડાપ્રધાન મનમોહનસિંહના આવાસની બહાર દેખાવ કરવાના પ્રયાસ કર્યા હતા. આ તમામની કોંગ્રેસ હેડક્વોટર નજીક કેજરીવાલ સાથે અટકાય કરવામાં આવી હતી. કોલસા બ્લોક ફાળવણીના મામલે ભાજપ અને કોંગ્રેસ સામે ઘેરાવની યોજના બનાવવામાં આવી હતી. પોલીસે વડાપ્રધાન, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને ભાજપ પ્રમુખ નિતિન ગડકરીના આવાસ તરફ દોડી જતા જુદા જુદા રુટ ઉપર ૧૦૦૦ દેખાવકારોની અટરકાયત કરી હતી. દેખાવની શરૂઆત નાટ્યાત્મક રીતે થઈ હતી. મંદિર માર્ગ પોલીસ સ્ટેશન રૂટ ઉપર કેજરીવાલ અને ભુષણે કોઈપણ ઉશ્કેરણી વગર બળનો ઉપયોગ કરવાની પોલીસ ઉપર આક્ષેપ કર્યો હતો. પોલીસે બીનજરૂરી રીતે પાણીનો મારો ચલાવ્યો હતો. અને ટીયરગેસના સેલ છોડ્યા હતા. કેજરીવાલે દેખાવને સફળ બનાવીને કહ્યું હતું કે અમારી યોજના સફળ રહી છે. અમારું આંદોલન પરિપુર્ણ થયું છે. કૃષ્ણ મેનન માર્ગ પર પોલીસ તરફથી હવામાં ગોળીબાર કરાયા બાદ કેજરીવાલે દેખાવ ખતમ કરવાની અપીલ કરી હતી. કોંગ્રેસ અને ભાજપ કોલસા કાંડમાં સામેલ છે તે દર્શાવવા અમે માંગતા હતા. કેજરીવાલના નિવેદન બાદ કાર્યકરો માર્ચ માટે રવાના થયા હતા.

